 ISSN: 2349-6002

# ફટાકડાના કારખાનામાં કામ કરતી સ્ત્રીઓની આરોગ્ય વિષયક સમસ્યા

Vatsal Hareshbhai Tank
*M.A., M.Phil., Ph.D., Scholar, Shri Govind Guru University, Godhra*
doi.org/10.64643/IJIRTV12I8-189758-459

**સારસંક્ષેપ - ફટાકડાના કારખાનામાં કામ કરતી સ્ત્રીઓ અનેક ગંભીર આરોગ્ય સમસ્યાઓનો સામનો કરે છે. કારખાનામાં ગંધક, પોટાશિયમ નાઇટ્રેટ, ફોસ્ફરસ જેવા હાનિકારક રસાયણો સાથે સતત સંપર્કમાં રહેવાના કારણે શ્વસનતંત્ર સંબંધિત રોગો, જેમ કે દમ, ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ વગેરે જોવા મળે છે. ઉપરાંત, ધૂળ અને ઝેરી વાયુઓના પ્રભાવથી આંખોમાં બળતરા, ત્વચા એલર્જી અને ચામડીના રોગો પણ સામાન્ય છે. સુરક્ષા સાધનોની અછત અને કામ કરવાની અયોગ્ય પરિસ્થિતિઓ તેમના આરોગ્ય જોખમને વધુ ગંભીર બનાવે છે.**

**આ ઉપરાંત, લાંબા સમય સુધી બેસી કે વળીને કામ કરવાના કારણે કમરદર્દ, ગળાના દુખાવા અને સાંધાના રોગો જેવી શારીરિક સમસ્યાઓ ઊભી થાય છે. ફટાકડાના કારખાનામાં અકસ્માત અને આગ લાગવાની શક્યતા સતત રહેતી હોવાથી માનસિક તણાવ, ભય અને ચિંતા પણ સ્ત્રીઓના આરોગ્ય પર નકારાત્મક અસર કરે છે. ગર્ભાવસ્થામાં કામ કરતી સ્ત્રીઓ માટે આ રસાયણો વધુ જોખમી બની શકે છે, જેના કારણે માતા અને બાળક બંનેના સ્વાસ્થ્ય પર વિપરીત અસર થવાની શક્યતા રહે છે.**

## 1.પ્રસ્તાવના

ફટાકડાના કારખાનાઓ ભારતના અસંગઠિત ક્ષેત્રનો મહત્વપૂર્ણ ભાગ છે અને રાજકોટ જિલ્લામાં પણ આ ઉદ્યોગમાં મોટી સંખ્યામાં સ્ત્રીઓ રોજગારી માટે જોડાયેલ છે. ઘર આધારિત વર્કશોપ, નાના કારખાનાં તથા ગોડાઉન જેવી જગ્યાઓમાં ફટાકડા બનાવવાની પ્રક્રિયામાં સ્ત્રીઓ મુખ્યત્વે કાચો માલ તૈયાર કરવો, મિશ્રણ બનાવવું, ફટાકડા ભરવા અને પેકિંગ કરવાનું કામ કરે છે. આ કાર્ય દરમિયાન તેઓ ગંધક, પોટાશિયમ નાઇટ્રેટ, ફોસ્ફરસ જેવા જોખમી રસાયણો તેમજ ધૂળ અને દુષિત હવાના સંપર્કમાં સતત રહે છે. અપર્યાપ્ત સુરક્ષા સાધનો, લાંબા કામના કલાકો અને અયોગ્ય કાર્યપરિસ્થિતિઓને કારણે તેમની શારીરિક અને માનસિક તંદુરસ્તી પર પ્રતિકૂળ અસર થતી જોવા મળે છે.

રાજકોટ જિલ્લાના ફટાકડા ઉદ્યોગમાં કાર્યરત સ્ત્રીઓની સામાજિક–આર્થિક સ્થિતિ સામાન્ય રીતે નબળી હોવાથી તેઓ આરોગ્ય સંબંધિત જોખમોને અવગણીને કામ કરવા મજબૂર બને છે. પરિણામે શ્વસનતંત્રના રોગો, ચામડી અને આંખોની સમસ્યાઓ, સાંધા-કમરદર્દ, થાક તેમજ માનસિક તણાવ જેવી સમસ્યાઓ વ્યાપક રૂપે જોવા મળે છે. ઉપરાંત, ગર્ભાવસ્થા દરમિયાન જોખમી રસાયણોના સંપર્કથી માતા અને બાળકના સ્વાસ્થ્ય પર પણ નકારાત્મક અસર થવાની શક્યતા રહે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, રાજકોટ જિલ્લાના સંદર્ભમાં ફટાકડાના કારખાનામાં કામ કરતી સ્ત્રીઓની આરોગ્ય વિષયક સમસ્યાઓનું સંશોધન કરવું અત્યંત જરૂરી છે, જેથી તેમના આરોગ્ય સુરક્ષા માટે યોગ્ય નીતિ, જાગૃતિ અને હસ્તક્ષેપના ઉપાયો વિકસાવી શકાય.

ISSN: 2349-6002

2.ખ્યાલની સ્પષ્ટતા

❖ આરોગ્ય (WHO)

આરોગ્ય એ સંપૂર્ણ શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારીની સ્થિતિ છે. અને માત્ર રોગ અથવા અશક્તતાની ગેરહાજરી નથી.

❖ સ્ત્રી

સ્ત્રી એટલે મમતાની મૂર્તિ, શક્તિની સ્વરૂપા, જગતની જનની એનુ નામ સ્ત્રી. પ્રાચીનકાળથી સ્ત્રી માટે કહેવાયું છે કે. " યત્ર નાર્યસ્તુ પુજયન્તે રમન્તે તત્ર દેવતા ' .

નાર્યસ્તુ પુજયન્તે એટલે કે નારીની પુજા કરવાની વાત નથી પરંતુ જયાં સ્ત્રીઓનું સન્માન થાય છે. ત્યાં દેવતાઓનો વાસ થાય છે.

3.અભ્યાસનું ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધનના અભ્યાસ ક્ષેત્ર તરીકે રાજકોટ જિલ્લાની હદમાં આવતા ફટાકડાના કારખાનાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે જેમાં શ્રી રામ કારખાનું અને શ્રી રાધે કારખાનાઓને અભ્યાસ ક્ષેત્ર તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

4.અભ્યાસનાં હેતુઓ

❖ રાજકોટ જિલ્લાના ફટાકડાના કારખાનામાં કામ કરતી સ્ત્રીઓની મુખ્ય આરોગ્ય વિષયક સમસ્યાઓની ઓળખ કરવી.
❖ ફટાકડા ઉદ્યોગમાં ઉપયોગમાં લેવાતા રસાયણો અને કાર્યપરિસ્થિતિઓનો સ્ત્રીઓના શારીરિક સ્વાસ્થ્ય પર પડતા પ્રભાવનો અભ્યાસ કરવો.
❖ ફટાકડાના કારખાનામાં કામ કરતી સ્ત્રીઓમાં જોવા મળતી શ્વસન, ચામડી, આંખ અને સ્નાયુ–સાંધા સંબંધિત સમસ્યાઓનું વિશ્લેષણ કરવું.
❖ કાર્યસ્થળની સુરક્ષા વ્યવસ્થા, સુરક્ષા સાધનોની ઉપલબ્ધતા અને ઉપયોગની સ્થિતિનું મૂલ્યાંકન કરવું.

5.અભ્યાસની ઉપકલ્પના

❖ રાજકોટ જિલ્લાના ફટાકડાના કારખાનામાં કામ કરતી સ્ત્રીઓમાં સામાન્ય સ્ત્રીઓની તુલનાએ આરોગ્ય સંબંધિત સમસ્યાઓનું પ્રમાણ વધુ હોય છે.
❖ ફટાકડા ઉદ્યોગમાં ઉપયોગમાં લેવાતા રસાયણોના સતત સંપર્કને કારણે સ્ત્રીઓમાં શ્વસન, ચામડી અને આંખોની સમસ્યાઓ નોંધપાત્ર રીતે જોવા મળે છે.
❖ અપર્યાપ્ત સુરક્ષા સાધનો અને અસુરક્ષિત કાર્યપરિસ્થિતિઓના કારણે સ્ત્રીઓમાં અકસ્માત અને ઇજાઓનું જોખમ વધે છે.

6.માહિતી એકત્રીકરણની પદ્ધતિઓ અને પ્રયુકિતઓ

પ્રસ્તુત અભ્યાસમાં ગુણાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સંશોધનમાં માહિતી એકત્ર કરવા માટે ફટાકડાના કારખાનામાં કામ કરતી સ્ત્રીઓની પ્રત્યક્ષ મુલાકાત લઈ મુલાકાત અનુસુચિ દ્વારા પ્રાથમિક માહિતી તેમજ ગૌણ માહિતી ગ્રંથાલય પદ્ધતિ કે દસ્તાવેજી પદ્ધતિ દ્વારા લાઈબ્રેરીના પુસ્તકો, લેખો, સરકારી અહેવાલો, પીએચ. ડી. અને એમ.ફીલ. કક્ષાના અભ્યાસો, દસ્તાવેજો, સમાચારપત્રો વગેરે દ્વારા માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે. અભ્યાસ ક્ષેત્રને લક્ષ્યમાં રાખીને વર્ણનાત્મક સ્વરૂપે સંશોધન રજૂ કરવામાં આવ્યુ છે.

7.નિદર્શ પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં બિનયર્દચ્છ નિદર્શનના આધારે રાજકોટ જિલ્લાની હદમાં આવતા ફટાકડાના કારખાનાઓ

 ISSN: 2349-6002

શ્રી રામ કારખાનું અને શ્રી રાધે કારખાનાને હેતુલક્ષી નિદર્શનને આધારે પસંદગી કરવામાં આવી છે. જયારે આ બંને કારખામાં કામ કરતી સ્ત્રીઓને આકસ્મિક નિદર્શનના આધારે પસંદગી કરવામાં આવી છે. જેથી અભ્યાસમાં કુલ ૪૦ ઉત્તરદાતાઓની પસંદગી કરવામાં આવી છે.

૪.તારણો

- ❖ રાજકોટ જિલ્લાના ફટાકડાના કારખાનામાં કામ કરતી સ્ત્રીઓમાં આરોગ્ય સંબંધિત સમસ્યાઓનું પ્રમાણ ઊંચું જોવા મળે છે.
- ❖ રસાયણિક પદાર્થોના સતત સંપર્કને કારણે શ્વસનતંત્રના રોગો વ્યાપક રીતે જોવા મળે છે.
- ❖ ધૂળ અને ઝેરી વાયુઓના કારણે આંખોમાં બળતરા અને દૃષ્ટિ સંબંધિત તકલીફો વધતી જાય છે.
- ❖ ચામડી પર એલર્જી, ખંજવાળ અને ચામડીના રોગો સામાન્ય બન્યા છે.
- ❖ ફટાકડાના રંગો અને દારૂ તેમના હાથમાં બેસી જાય છે તેથી હાથમાં ચીરા પાડવા, ખંજવાળ આવવી વગેરે જેવી સમસ્યાઓ પણ ઊભી થાય છે
- ❖ લાંબા સમય સુધી એકસરખી સ્થિતિમાં કામ કરવાથી કમરદર્દ અને ગળાના દુખાવાની સમસ્યા વધી છે.
- ❖ સતત હાથથી કામ કરવાના કારણે સાંધાના દુખાવા અને સ્નાયુ થાક જોવા મળે છે.
- ❖ કાર્યસ્થળે સુરક્ષા સાધનોનો અભાવ અકસ્માત અને ઇજાઓનું જોખમ વધારે છે.
- ❖ આગ લાગવાની અને વિસ્ફોટની ભીતિને કારણે સ્ત્રીઓમાં માનસિક તણાવ અને ભય જોવા મળે છે.
- ❖ લાંબા કામના કલાકો અને ઓછા આરામને કારણે શારીરિક થાક સતત રહે છે.
- ❖ ગર્ભાવસ્થા દરમિયાન કામ કરતી સ્ત્રીઓના સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર થતી હોવાનું જોવા મળે છે.
- ❖ ઓછા વેતન અને આર્થિક અસુરક્ષાને કારણે સ્ત્રીઓ આરોગ્યને અવગણીને કામ ચાલુ રાખે છે.
- ❖ મોટાભાગની સ્ત્રીઓમાં આરોગ્ય જાગૃતિનું સ્તર નીચું હોવાનું જણાય છે.
- ❖ નિયમિત આરોગ્ય તપાસની વ્યવસ્થા કાર્યસ્થળે ઉપલબ્ધ નથી.
- ❖ ફટાકડાના કારખાનામાં કામ કરતી સ્ત્રીઓનું આરોગ્ય ગંભીર જોખમ હેઠળ છે.

**સંદર્ભ સૂચિ**


[1] महाजन, धर्मवीर, और कमलेश महाजन. सामाजिक अनुसंधान की पद्धतियाँ. 2008.
[2] महाजन, संजीव. सामाजिक शोध की पद्धतियाँ. 2010.
[3] प्रसाद, लोकेश के. अनुसंधान पद्धतिशास्त्र. 2004.
[4] Dewan, Ritu. Women and Occupational Health. Indian Social Institute, 2002.
[5] Venkatesh, S. Women Labour and Health Problems. Atlantic Publishers, 2006.
[6] Hirway, Indira. Women Workers in Unorganised Sector. Oxford University Press, 2010.
[7] દેસાઈ, એ. આર. ભારતમાં શ્રમિક સમસ્યાઓ. પોપ્યુલર પ્રકાશન, મુંબઈ, ૨૦૦૮.
[8] પટેલ, મંજુલાબેન. અસંગઠિત ક્ષેત્રમાં મહિલા શ્રમિકો. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૧૬.
[9] શાહ, ઘનશ્યામ. ભારતીય સમાજમાં શ્રમિક વર્ગ. સેજ પ્રકાશન, નવી દિલ્હી, ૨૦૦૪.
[10] મહેતા, કાંતિભાઈ. ઔદ્યોગિક સલામતી અને શ્રમિક કલ્યાણ. આર. આર. શેઠ એન્ડ કંપની, અમદાવાદ, ૨૦૧૨.
[11] ત્રિવેદી, રેખાબેન. મહિલા અને કાર્યસ્થળનું આરોગ્ય. નવજીવન પ્રકાશન, અમદાવાદ, ૨૦૧૪.
[12] જોષી, મીનાબેન. મહિલા શ્રમિકોની આરોગ્ય સમસ્યાઓ. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૧૮.
[13] પંડ્યા, હર્ષદભાઈ. ભારતમાં અસંગઠિત ક્ષેત્ર. પાર્શ્વ પ્રકાશન, રાજકોટ, ૨૦૧૦.